ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Refereed e-Journal

# કનૈયાલાલ મુનશી ના "વાવા શેઠનું સ્વાતંત્ર્ય" નાટકની સમીક્ષા

ભાટુ ભરત બી.
આચાર્ય, તાલુકા શાળા પાટણવાવ, તા. ધોરાજી

## ભૂમિકા :

વીસમી સદીના પશ્ચિમના વિચારોનો પૂરવેગે પ્રસાર થવા માંડયો હતો, વ્યકિતસ્વાતંત્ર્યના ખ્યાલો યુવતીઓનાં માનસ પર વર્ચસ્વ જમાવી રહ્યા હતા. વર્ગભેદની નાબૂદીનાં બ્યૂગલો ફૂંકાવા લાગ્યાં હતાં. જ્ઞાતિબંધનો તૂટવા લાગ્યાં હતાં. યુવાન–યુવતીઓ પણ લગ્નની બાબતમાં સ્વાતંત્ર્ય માટે જાગ્રત થયાં હતા. તેમ છતાં, હજુ સમાજનો એક વિશાળ વર્ગ બંધિયાર મનોદશામાંથી બહાર નિકળ્યો ન હતો અને તેથી યુવાપેઢી માટે જીવનસાથીની પસંદગીમાં સ્વાતંત્ર્ય તરફ મા–બાપ અથવા વડીલવર્ગ દુર્લક્ષ સેવતા હતા. વળી યુવાપેઢી પણ વડીલોની ઈચ્છા અને સંમતિ પ્રમાણે લગ્ન કરતી અને હજુ પણ તેઓ વડીલોની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરી શકતી ન હતી. આવા સમયે મુનશીએ આ નાટકની રચના કરી છે.

મુનશીનાં નાટકોમાં સૌર્પ્રથમ લખાયું 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય'. નાટયકૃતિ તરીકે કંઈક ઊણપો હોવા છતાં વિષય દ્રષ્ટિએ 'કજોડાં લગ્ન' અને સ્વેચ્છા લગ્ન' ના પ્રશ્નને સહજ હળવી રીતે સ્પર્શે છે. 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય', 'બે ખરાબ જણ', 'ડો. મધુરિકા', 'આજ્ઞાંકિત' વગેરેમાં મુનશી શારીરિક–માનસિક 'કજોડાં લગ્ન'ને હળવી કલમે નિરૂપે છે. આવાં બેહુદાં કજોડાંલગ્નમાંથી ઉદ્‌ભવતી હાસ્ય, કટાક્ષ, કરુણસભર કૃતિ 'આજ્ઞાંકિત' છે, તો 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' માં લેખકે તેની પ્રહસન તરીકે રચના કરી છે.

લગ્નસ્વાતંત્ર્યના પ્રશ્નને વાચા આપણું કનૈયાલાલ મુનશીનું પ્રથમ સામાજિક પંચાંકી નાટક 'વાવશેઠનું સ્વાતંત્ર્ય' ઈ.સ. ૧૯૨૧માં પ્રગટ થયેલું. એ કજોડા નાટક. મુનશી આમ તો જીવનમાં શું કે કવનમાં પરંપરાના કટ્ટર વિરોધી. પ્રસ્તુત નાટકમાં નાટકમાં સર્જક કોઈ સામાજિક સમસ્યાની ચર્ચા કરતા નથી, પરંતુ પરંપરાગત વસ્તુને નવા રૂપરંગમાં રજૂ કરે છે. નાટયકાર મુનશીએ તેમના પુરોગામીઓની કજોડાં અંગેની લાગણીશીલ નાટય–રીતિ ઉલટાવતા હોય, તેમ તેઓએ પતિને માથે છાણાં થાપતી પત્નીનું પાત્ર પ્રસ્તુત કરીને નાવીન્ય અને હળવાશની ભૂમિકા તૈયાર કરી છે.

આમ તો આ નાટક કજોડાંની સ્થિતિનું દર્શન કરાવે છે, છતાં પરાપૂર્વથી કજોડાનું જેવું ને જે રીતે ચિત્રણ થતું હતું, તે શૈલીથી શ્રી મુનશી દૂર રહ્યા છે. નાટકમાં વાવાશેઠની સ્વાતંત્ર્યની ભાવનાને સવિશેષ બળવત્તર દર્શાવી છે. પત્ની રેવા શેઠણીના વર્ચસ નીચે વર્ષોથી ગુલામી સ્વીકારી કહ્યાગરા કંથ બની રહેલા વાવશેઠના માનસિક કજોડાની કથા નાટકમાં ગૂંથી છે. " વાવાશેઠની સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વે નાટયારંભ વેળા જ રમૂજી અથડામણ યોજાઈ છે. એમાં એક પક્ષે છે રેવા અને બીજે પક્ષે છે વાવાશેઠ. શેઠના નાટયસ્થ હેતુનાં કાર્યસાધક પાત્રો છે – રધા, મગન તથા ધીરજરામ જોશીનાં અંક–'૧' માં અને અંક–'૨' માં રાધા, શેઠની સ્વાતંત્ર્યભાવના સંકોરી આપે છે. વળી યુવાન રાધામગનનો પ્રણયસંબંધ. રેવાને હંફાવવામાં શેઠની સ્વાતંત્ર્યબુદ્ધિ

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA

An International Multidisciplinary Refereed e-Journal

માટે એક સફળ તરકીબ બની રહે છે. (અંક–'૪') રાધાને પરણવા પોતે ઉત્સુક છે એવા ગંગા સમક્ષના મોઘમ પ્રસ્તાવ વડે રેવાને હંફાવી વિનમ્ર બનાવવાનું તથા રાધામગનનાં લગ્નને અનુમતિ અપાવવાનું બેવડું કાર્ય વાવાશેઠ લે છે, એ એક જ પ્રસંગ વડે પિતાપુત્ર બંનેના સંસાર સુખી બની રહે એવા નાટયક્ષમ મોકા દ્વારા મુનશી વસ્તુતંતુનો ઉપચય પ્રયોજે છે.'' વાવાશેઠ અને એવા શેઠાણીનું પાત્રયુગલ કેન્દ્રસ્થાને છે.

**નાટયવસ્તુ :**

પાંચ અંકોમાં વહેંચાયેલ 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય'નું નાટયવસ્તુ અને કથાપ્રસતારને આવા નાના ટૂંકા દ્રશ્યોનાં એકાંકીને ફુલાવી પાંચ અંકનું નાટક બનાવવામાં મુનશીએ લાઘવને બદલે પ્રસ્તારને પસંદ કર્યો, તે જ નાટયકાર મુનશીની 'પ્રારંભિક દશા'ની નાટયસૂઝનો અભાવ દર્શાવે છે. જો કે નવલકથાકાર મુનશીએ નવલિકાલેખન કરી પોતનાં આંગળાં દઝાડયાં છે, તેમ તેમના સમકાલીન એકાંકીકારો બટુભાઈ ઉમરવાડીયા, પ્રાણજીવન પાઠક, યશવંત પંડયા વગેરેની જેમ તેમણે એકાંકી ન લખ્યાં, પણ દીર્ઘનાટકોમાં તેમની પ્રસ્તારી નવલકથાકાર તરીકેની સર્જકપ્રતિભા સકળ નીવડી છે, પણ 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય'માં તેઓ કલાલાઘવ ચૂકી જતાં લાંબું પ્રહસન આપે છે. મૂળમાં જ કથા અને વસ્તુની ઘનતા ઓછી છે.

વાવાશેઠ પત્નીના કહ્યાગરા કંથ બની રહ્યા છે. આ દંપતિનો પ્રૌઢવયે પહોંચેલો ગૃહસંસાર 'અતિપરિચયાત્ અવજ્ઞા ભવેત્' જેવી કોટિએ પહોંચી કાયમના નાના નાના અર્થહીન ગૃહકલેશમાં ચકરાય છે. તેનું દર્શન 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' નાટકમાં મુનશી સુપેરે કરાવે છે.

પ્રસ્તુત નાટકમાં મુનશીએ રેવા શેઠાણી જેવી ક્રોધી સ્વભાવની પત્નીના આધિપત્ય નીચે નિર્માલ્ય જીવન ગુજારતા વાવાશેઠનું હાસ્યાસ્પદ આલેખન કર્યુ છે. પુત્ર મગન દેવાળિયાની દીકરી રાધાના પ્રેમમાં પાગલ બને છે. લગ્નોત્સુક પુત્રની હકીકત જાણી રેવા શેઠાણીનો રોષ સાતમે આસમાને પહોંચી જાય છે. પિતા પાછલા બારણે પુત્રને સહયોગ આપવા ઈચ્છે છે, પરંતુ રૌદ્ર સ્વરૂપિણી શેઠાણીને સમજાવવાનું તેમના માટે શકય નથી.

વર્તમાનપત્રમાં 'બેલ્જિયમનો સ્વંત્રતા માટેનો ઘસારો' મથાળા નીચેના સમાચાર વાંચતાં વાવાશેઠનો સ્વાતંત્ર્યપ્રેમની આત્મા સળવળી ઊઠે છે અને પત્નીના આધિપત્યમાંથી છૂટવા તેઓ દરિયાકિનારે ભાગી જાયે છે. તં રસ્તામાં અચાનક રાધાનો ભેટો થઈ જાયે છે. તે તેમને પોતાને ઘેર લઈ જાય છે. રાધાની દાદી શેઠને રાધા માટે યોગ્ય વર શોધી લાવવાનું કહે છે, ક્ષણભર તો શેઠને જ રાધા સાથે લગ્ન કરવાની કામના થઈ જાય છે.

તેમને એક યુકિત જડે છે. ઘેર ગયા પછી જોશી દ્વારા  રેવા શેઠાણીને વાત પહોંચાડે છે કે ''વાવાશેઠને ફરી વર લગ્ન કરવાનો યોગ છે. '' રેવા શેઠાણી આ વાત કાને પડતાં જ ઢીલા પડી જાય છે અને રાધા સાથે મગનને પરણાવવાની મનાઈ કરનારાં શેઠાણી પોતે જાતે જ બીજે દિવસે મગનને માટે માગું મગન માટે જ છે તેની જરાય સ્પષ્ટતા થતી નથી, તેથી શેઠાણી મનમાં ખૂબ ગભરાય છે આમ મુનશી ગૂંચવણભરી નાટયાત્મક પરિસ્થિતિ સર્જે છે. અંતમાં રાધા અને મગનનાં લગ્ન થતાં નાટકનો અંત સુખદ આવે છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA An International Multidisciplinary Refereed e-Journal

**સમીક્ષા :**

પ્રસ્તુત નાટકમાં મુનશીની પ્રણાલિકાભંજકતાનું દર્શન થાય છે. આ નાટકમાં કોઈ દ્રષ્ટિ કે વિચાર વસ્તુ જ નથી. એક એકાંકીને પાંચ અંકમાં વહેચ્યું છે અહીં નાટયાત્મક અનુભૂતિ થતી જ નથી. ખરેખર તો ઓગણચાલીસ પૃષ્ઠોનું આ નાટક 'નાટક' બનતું જ નથી. નાટકમાં વાવાશેઠ અને રેવા શેઠાણી એ કેન્દ્રસ્થાને હોવા છતાં પાત્રોનો યથોચિત વિકાસ થયો નથી. નાટકના કાર્યસાધક પાત્રોમાં રાધા, મગન તેમજ ધીરજરામ જોશી નાટયવસ્તુને વેગ આપવામાં મદદરૂપ બની રહે છે. ''દીકરાએ શોધેલ કન્યા જોઈ મોઢામાં પાણી લાવીએ નહીં, તો બીજી વાર....'' એમ વિચારના વાવાશેઠમાં પ્રાકૃતતાની છબી પ્રગટ થાય છે તેમજ શેઠાણીના આક્રોશ સામે કહ્યાગરા કંથની દુર્દશાનું ચિત્ર તેમજ તેમની 'સ્વાતંત્ર્યઘેલછા' અહીં હાસ્યપ્રેરક બની રહે છે. આમ છતાં શેઠાણીના આક્રોશને હંફાવી, વિનમ્ર બનાવી, રાધા અને મગનના લગ્નની અનુમતિ આપવાનું બેવડું કાર્ય વાવાશેઠ સાધી લે છે. તે સમયે પોતાના મનમાં વ્યાજવીરનું દ્રષ્ટાંત આપતાં શેઠ પોતાની જ બાલિશતા અને કાયરતાનાં દર્શન કરાવે છે.

આ નાટકના તાણાવાણા સુંદર રીતે ગૂંથાયેલા છે, પરંતુ તખ્તાલાયકીની દ્રષ્ટિએ તપાસતાં આ નાટક સફળ થશે એમ કહી શકાય તેમ નથી, કારણકે રેલવે સ્ટેશન, રેતીનો કાંઠો, દરિયો વગેરે એકસાથે રંગમંચ પર કેવી રીતે દર્શાવી શકાય ? આ બધું દર્શાવવા માટે રંગભૂમિક્ષમ નાટકને બદલે કોઈ ચલચિત્રની પટકથા, સિનારિયો લાગે. બીજા અંકમાં ચર્ચગેટ દરિયા કિનારો તેમજ મહાપ્રયત્ને શેઠ પથ્થર પર ચઢે છે. વળી ત્યાં એક ગાડી સ્ટેશનની સામે ઊભી રહે છે. અને એમાંથી ચૌદ વર્ષની છોકરી ઊતરે છે. આ બધુ રંગમંચ પર કેવી રીતે લાવી શકાય ? વળી છોકરી અને શેઠની 'વૃક્ષ રોપવાની રમત', પાઘડી લેવા દોડતા શેઠ, આ બધી ઘટનાઓ દર્શાવવા માટે કેટલો લાંબો પહોળો રંગમંચ જોઈએ ? આમ આ નાટક તખ્તા કરતાં ફિલ્મને વિશેષ અનુરૂપ બની રહે છે. મગન અને રાધાની બાલિશ ઘેલછા તેમજ 'સ્વગત'નો વધારે પડતો ઉપયોગ–દુરુપયોગ થયો છે. આધુનિક પાશ્ચાત્ય નાટયકલાને અનુસરતા મુનશીએ આ કાલગ્રસ્ત નાટયરીતિને આ પ્રહસનના રૂપમાં યોજી છે. તેમાં નાટયકાર મુનશીની કલાસૂઝની ઊણપનાં સ્પષ્ટ દર્શન થાય છે.

પાંચમાં અંકમાં ગૂંચવાડાભરી પરિસ્થિતિ સર્જાય છે અને તે પરિસ્થિતિને અંતે રાધા–મગનની ચાંલ્લાવિધિ થઈ તે નાટકનો સુખદ અંત નાટયકારે આપ્યો એમ કહી શકાય ખરું. નાટકનું બીજું ધ્યેય 'વાવશેઠનું સ્વાતંત્ર્ય' છે, જે શેઠાણીના વર્તન તેમજ વાણીના પરિવર્તનથી જોવા મળે છે, પરંતુ જો કલ્પના દ્વારા આગળ વિચારીએ, તો શું વાવાશેઠને અહીં કાયમ સ્વતંત્રતા મળી છે ખરી ? અને વળી ભુલેશ્વરની એ ચાલીમાં વાવાશેઠ ફરી મુકત શ્વાસ લેતા હશે કે 'હિન્દુસ્તાન' વાંચતા શેઠ રેવા શેઠાણી પાસે ગરીબ ગાય જેવા બની ડોકું ધુણાવી 'હા' માં 'હા' મિલાવતા હશે ? આમ શરૂઆતમાં પ્રબળ લાગતાં શેઠાણી અંતમાં શાંત બની જાય, તેમાં અવાસ્તવિકતા નજરે ચઢે છે, છતાં નાટયકાર મુનશીએ 'માનસિક કજોડા'નું સુખદ સમાધાન આપ્યું છે.

પાંચ અંકોનું આ નાટક એક એકાંકી બની રહ્યું હોત તો આ પંચાંકી પ્રહસન માંડ અડધો કલાક ચાલે તેટલું ટૂંકું છે. અને તેમાં દ્રશ્ય અને અંક વચ્ચે કોઈ રચનાગત ભેદ હોવાનું લેખક માનતા–સમજતા હોય તેમ જણાતું નથી. આ નાટકના અંકો નાનાં અને ટૂંકાં દ્રશ્યો જેવા છે. અને આ નાના અંકોને સંકલિત કરીને અમુક દ્રશ્યોમાં ગૂંથી લીધા છે. રચનાશૈથિલ્ય જો પ્રસ્તુત નાટકમાંથી નિવારી શકાયું હોત, તો આ કૃતિ એક સુશ્લિષ્ટ હાસ્યપ્રધાન એકાંકી બની શકી હોત. વળી આ નાટકનો બીજો અંક તદ્દન નકામો લાગે છે. જો કે તે ત્રીજા અંકની ભૂમિકા માટે ઘડાયો છે. આ નાટકમાં મૂળ કથાબીજનો વિકાસ થયો નથી. આ નાટક એક સુખાંત નાટક કરતાં પ્રહસનની નજીક વધુ ગણી શકાય. જૂના દેશી નાટકોમાં બે અંકો વચ્ચેના અવકાશને પૂરવા પડદે છૂટક કે સળંગ ફાર્સ ભજવાનાં હતાં. આ પ્રહસન 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' આવા એક કર્ટેન રેઈઝરનાં લક્ષણો દર્શાવે છે.